ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બીકણ છે ઈમરાન છતાં લવીંગીયા ફોડે છે!*
*શક્તિહીન છે પાકીસ્તાની સેના, દંભમાં દોડે છે!*
*તોડે છે એ હાથે કરીને પગ ચીનના ભરોસે -*
*બિચારા બની ને ગરીબ સૈનિકો પ્રાણ છોડે છે!!*

### હાઈકુ

*પિવાઈ ગયું!*
*ઉધારીયું ઘી, ખૂબ -*
*ને થયા ઝાડા!*

*ફૂટ્યું નહીં - ને*
*અર્થતંત્રનું થયું -*
*સૂરસૂરીયું...*

### ચિંતન

**તદન્તીહૈવ ક્રિયયા જાયતે પૌરુષં નૃણામ્ ।**
**સસ્નેહવર્તિ દીપસ્ય રક્ષા વાતાત્ પ્રયત્નતઃ ॥**

**ઉપરોક્ત શ્લોક ભર્તુહરિ નિતિશતકમાંથી લેવામાં આવેલ છે. શાસ્ત્રો અને આચાર્યોનો મત કે માન્યતા એવી છે કે ધારેલા ફળની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે તે આ વર્તમાન ચાલુ જન્મના કર્મ કે પુરુષાર્થના કારણરુપ કે પરિણામરુપ હોય છે.**

**દાખલા તરીકે ઘરમાં દીવો બળતો હોય, તેમાં તેલ પૂર્યા કરવામાં આવે, વાટ સંકોરવામાં આવે અને પવનથી તેનું રક્ષણ કરવામાં આવે તો દીવો એકધારો બળ્યા જ કરવાનો છે.**

**પૂર્વજન્મના કર્મો નહીં પણ ચાલુ જન્મનાં કર્મ જ ફળ મેળવવા માટે પૂરતો છે, પણ આ બાબત ઊંડાણથી વિચારવાથી ઘણા પ્રશ્નો જન્મે છે.**

**દીવો વાટ સંકોરતા હોલવાઈ પણ જાય, તેલ પૂરાતં વાટ પર જો તેલનું ટીપું પડી જાય અને દીવો હોલવાઈ જાય એવું પણ બને. પુરુષાર્થ અને પૂર્વ કર્મ, નસીબ બધું એકમેક સાથે સંકલિત છે.**

### સુવિચાર

- પ્રેમને જપવાનો ન હોય પણ 'જીવવાનો હોય' - **જીવન પાથેય**
- સંતાપની સગડીમાં શેકાતા માનવીએ 'હાસ્ય' ની શોધ કરી, શાંતિની પ્રાપ્તિ કરી છે - **ફ્રેડરીક નિત્શે**
- દુષ્ટ માણસોની બુદ્ધિ અતિશય હલકા કર્મોમાં જ અતિશય કુશળ બને છે, જેમ કે ઘુવડની દૃષ્ટિ અંધારામાં જ વધારે સતેજ થાય છે - **ફૂલછાબ**
- નીતીથી જીવ જયાં સુધી પ્રીતિમાં નહીં જાય, ત્યાં સુધી પૂર્ણતા નહીં આવે - **માનસસૂત્ર**
- દુષ્ટ માણસ બીજાના રાઈ જેવા ઝીણા દોષ જોઈ શકે છે પણ
  પોતાના બીલ્વ ફળ જેવા મોટા દોષો પણ જોતો નથી - **એસ ભટ્ટાચાર્ય**
- તન ખોટા હૈયા ખૂટલ, ધરવ ન કશીયે વાત, એ કળજગની વાત,
  શાણા સમજે સાનમાં - **પ્રભુલાલ દ્વિવેદી**
- આજનું ઔષધ : ફટકડીના પાણીના કોગળા કરવાથી મોં ના ચાંદા રૂઝાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસે દૂરના ખેતરમાં બે કદાવર અને પાણીદાર ઘોડા જોયા. તેને થયું આ ઘોડાને જોવા નજીક જવું. નજીક જઈને જોયું તો બેમાંથી એક ઘોડો અંધ જણાયો. એના માલિકે અંધ ઘોડાને તરછોડવાને બદલે એક યુક્તિ અજમાવી હતી. તેણે સાજા નરવા ઘોડાને ગળે એક ઘંટડી બાંધી દીધી હતી. આથી જયારે આ ઘોડો ખેતરમાં જાય ત્યારે તેની ઘંટડી વાગે. અને એ ઘંટડીના રણકારને સાંભળીને પેલો અંધ ઘોડો પણ અવાજની દિશામાં સફળતાપૂર્વક દોરવાય. સ્વસ્થ ઘોડાની પણ હંમેશા તેના સાથીદાર અંધ ઘોડા પર હોય. તે ચાલતો હોય તો ઘંટડીનો અવાજ સાંભળીને અંધ ઘોડો પાછળ આવી રહ્યો છે કે કેમ તેવી કાળજી પણ રાખે. અંધ ઘોડાને પણ તેના સાથીદાર પર એટલો વિશ્વાસ કે પેલો ઘોડો કયારેય એને ગેરમાર્ગે દોરવી નહીં જાય. રોજ ખેડૂતના ઘરે પાછા ફરવામાં ઘંટડી વાળો ઘોડો વારંવાર પાછળ જોઈને ખાતરી કરી લે કે પોતે એટલો બધો આગળ તો નથી ચાલી રહ્યો કે જેથી એના અંધ સાથીને ઘંટડીનો અવાજ ન સંભળાય. સાર એ જ છે કે દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ અપૂર્ણતા હોય જ છે. બીજી બાજુ, દરેકને કોઈને કોઈ પ્રકારનું વરદાન પણ પ્રાપ્ત થયું હોય છે. અરસપરસની અપૂર્ણતા - ખામીને તરછોડવાને બદલે તેનો સાહજિક સ્વીકાર કરી એકબીજાની વિશેષતાઓનો અરસપરસની ભલાઈ માટે ઉપયોગ કરી એ તો સૌ માટે ઉત્તમ રહે.

# કોંગ્રેસને આત્મખોજ કરવી જ પડશે...

**તંત્રીસ્થાનેથી...**

સોનિયા ગાંધીને દિલ્હીના પ્રદૂષિત વાતાવરણથી દૂર રહેવાની તબીબી સલાહ માનવી પડી છે. વિશ્વની સૌથી વધારે જાણીતી કેન્સર હોસ્પિટલમાં સારવાર લઈને પાછાં ફર્યા એ પછી અનિચ્છાએ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખની ધુરા સંભાળવી પડી એમાં પુત્રમોહ જ પાયામાં હતો. હજી એ તો રાહુલ ફરી વાર પ્રમુખપદ સંભાળી લે એટલી જ રાહ જોઈ રહ્યાં છે. પરંતુ સોનિયા ગાંધીને પ્રમુખ બનાવીને કોંગ્રેસે પોતાની જ ઘોર ખોદી હતી એ હજી કોંગ્રેસીઓ સમજવા તૈયાર નથી. રાહુલ ગાંધીને હતાશા ઘેરી વળી હતી. મોદી-શાહની જોડીએ લોકસભાની ચૂંટણીમાં ૨૦૧૪ની ચૂંટણી કરતાં પણ વધુ બેઠકો મેળવી હતી અને કોંગ્રેસને અધિકૃત વિપક્ષનો દરજ્જો મળી શકે એટલી બેઠકો પણ મળી નહોતી. ઓછામાં પૂરું કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વડાપ્રધાન પદના ઉમેદવાર રાહુલ ગાંધી પોતાની પરંપરાગત અને પારિવારિક બેઠક અમેઠી પર હારી ગયા હતા. રાહુલ ગાંધીએ અથવા એમના શુભેચ્છકોએ અને રાજકીય સલાહકારોએ એમની સંભવિત દુર્દશાના અંદાજથી જ બીજી વૈકલ્પિક બેઠક પરથી ઉમેદવારી કરવાનું પૂર્વ આયોજન ન કર્યું હોત તો તેઓ અત્યારે લોકસભાના સદસ્ય પણ ન હોત; રાજસ્થાન કે મધ્યપ્રદેશથી રાજયસભાના સદસ્ય તરીકે ચૂંટાઈને સાંસદ બનવું પડ્યું હોત! એમની રાજકીય અપરિપક્વતા અને અવઢવનો ચિતાર અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની આત્મકથામાં પણ અંકાયો છે. મનમોહનસિંહથી ઈમાનદારી અને અર્થનીતિથી પ્રભાવિત બરાક ઓબામાએ સાદી ગુજરાતીમાં જેણે 'ઠોઠ નિશાળિયો' કહીએ છીએ એવો પ્રતિભાવ રાહુલ સંદર્ભે આપેલ છે. એમના શાસનકાળનાં આઠ વર્ષ દરમિયાન રાહુલ ગાંધીને 'મારીને માળવે ચડાવવા' જેવા ઘણા પ્રયાસો થયા હતા. સોનિયા ગાંધી પણ દીકરાની તાજપોશી જેટલી વહેલી થાય એટલું સારું - એવા અભિગમ સાથે પાર્ટીનું રાષ્ટ્રીય અધ્યક્ષપદ છોડવા તૈયાર જ હતાં, પરંતુ રાહુલને કદાચ પોતાની હેસિયતનો આગોતરો અણસાર આવી ગયો હતો પરંતુ માતાની આજ્ઞા અને કોંગ્રેસી કાર્યકરોની રાષ્ટ્રીય મજબૂરી અર્થાત્ નહેરુ-ગાંધી પરિવાર બહારનો કોઈ નેતા કોંગ્રેસને એકજૂટ નહીં રાખી શકે એવી સમજણને વશ થઈ આખરે રાહુલ ગાંધીએ પાર્ટીનું સર્વોચ્ચ પદ સ્વીકાર્યું ખરું પરંતુ પરિણામ ન આપી શક્યા. વિધાનસભાની ચૂંટણીમાં રાજયોમાં થોડું સારું પરિણામ - મળ્યું એનો રાહુલને જશ જરૂર અપાતો રહ્યો પરંતુ જશના સાચા હકદાર તો જે - તે રાજયના પ્રાદેશિક નેતાઓ જ હતા. રાહુલ ગાંધીએ એમની નાનકડી યુવા મંડળી તૈયાર કરી હતી તે પણ વીખરાઈ ગઈ છે. રાજસ્થાનમાં સચીન પાયલટને કે મધ્યપ્રદેશમાં જયોતિરાદિત્ય સિંધિયાને મુખ્યમંત્રી બનવા ન મળ્યું એટલે એમને રાહુલની કદમબોસીમાંથી છૂટવામાં જ સાર વરતાયો હતો. બાકી રહી જતું હતું કે ગાંધી પરિવારમાં ઈંદિરા ગાંધી જેવા નાકનકશી ધરાવતાં દીકરી-પ્રિયંકાને મેદાનમાં ઉતારાયાં. ઉત્તરપ્રદેશની જવાબદારી સંભાળતાં પ્રિયંકાને પ્રથમગ્રાસે મક્ષિકા જેવો કડવો અનુભવ થયો હતો. આથી બિહારની ચૂંટણીમાં તો એ ફરક્યાં સુધ્ધાં નહીં. ટૂંકમાં ગાંધી પરિવાર એ એક ઊઠી ગયેલી પેઢી જેવી દુર્દશામાં આવી ગયેલ રાજવંશથી વધારે કંઈ જ નથી. કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટી એક પરિવારની અસ્કામત બની ગઈ તે રાજકીય જ નહીં, પ્રજાકીય વિડંબના પણ છે. એનો મોડો મોડો પણ કેટલાક સિનિયર કોંગ્રેસીઓને અહેસાસ થઈ ગયો છે અને તેથી કયારેક આનંદ શર્મા, કપિલ સિબ્બલ અને ગુલામનબી આઝાદ કો કયારેક પી. ચિદંબરમ્ જેવા નીવડેલા રાષ્ટ્રીય નેતાઓ હવે કોંગ્રેસને પુનર્જીવિત કરવા માટે 'દેખાવ એવું - જમીન સાથે જોડાયેલું' નેતૃત્વ ઈચ્છવા લાગ્યા છે. સોનિયા ગાંધીની આસપાસ અહેમદ પટેલ જેવા આકાશી નેતાઓનો સકંજો છે. આથી સાચાબોલા કે આખાબોલા કોંગ્રેસી નેતાઓને સાઈડલાઈન કરી દેવાના કારસા કરાતા રહ્યા છે. જો કોંગ્રેસે શરૂથી જ લાયક પ્રાદેશિક ધુરંધરોને રાષ્ટ્રીય કક્ષાએ મહત્વ આપ્યું હોય તો આજે એની આ દુર્દશા ન જ થઈ હોત. નરેન્દ્ર મોદીના નહેરુ-ગાંધી દ્વેષની પરાકાષ્ઠા એ છે કે હમણાં જ ગયા સપ્તાહમાં નહેરુ અને ઈંદિરા ગાંધીના જન્મદિવસો ગયા પણ એમને કોઈએ યાદ સુધ્ધાં ન કર્યા. એટલું જ નહીં, ૩૧ ઑક્ટોબર એ સરદાર પટેલની જન્મજયંતિ તરીકે ઊજવાઈ પણ ઈંદિરાની પુણ્યતિથિ એ જ દિવસે હતી એ દેશ આખો ભૂલી ગયો! હકીકત તો એ છે કે સરદારની સાચી જન્મતારીખની સરદારને જ ખબર નહોતી. મેટ્રિકની પરીક્ષાનું ફોર્મ ભરતાં કનૈયાલાલ મુનશીને એમણે પૂછ્યું કે આ ખાનામાં શું લખું? મુનશીએ કહી તે તારીખ એમણે લખી નાખેલી. સરદારનું અધિકૃત જીવનવૃત્ત લખનારા નરહરિ પરીખે આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. સમય જ બળવાન છે!

# આપ તો હજુ યુવાન જ લાગો છો!



**આરપાર**

રાઘવજી માધડ

એક પરિચિત વ્યક્તિએ પૂછ્યું:'તમે ખરેખર નિવૃત્ત થઈ ગયા !?'પછી આગળ કહ્યું :'પણ કોઈ માને નહી,તમેતો યુવાન જેવા લાગો છો !'મારા પાસે હસીને જવાબ આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. તેથી કહ્યું: 'વૃદ્ધ કે યુવાન દેખાઈએ તેના સાથે તંત્રને કોઈ સંબંધ નથી, અઠ્ઠાવન વરસે ગાડી ઉભી રહી જાય !'પછી તો ઘણી વાતો થઈ.પણ યુવાન હોવું અને દેખાવું તેમાં મોટો તફાવત છે.ઘણાં તનથી યુવાન અને મનથી વૃદ્ધ હોય છે. જયારે અમુક લોકો વરસથી વૃદ્ધ હોવાના પણ મનથી મદમસ્ત યુવાન જ હોય છે !

ઘરમાં કંકુપગલાં કરતી નવોઢાનાં માફક ગુલાબી ઠંડીનો પદરવ થવા,પ્રસરવા લાગ્યો છે. શિયાળુ સવારનો રુઆબ કુંવારી કન્યા જેમ ઉઘડવા લાગ્યો છે. પ્રભાતનો પ્હો ફાટે,તે પહેલાથી શહેરના બગીચા, સડક અને ફૂટપાથ મોર્નિંગવોક અર્થે નીકળતાં સ્ફૂર્તિલા માણસોથી છલકાવા લાગે છે.લોકો તન-મનને હીટ ને ફીટ રાખવા અથવા સ્વસ્થ રહેવા કસરત કરવા નીકળે છે. કોઈ મોડે સુધી પથારીમાં ઘોરતો રહે તેને વહેલા વૃદ્ધ થવાની માત્ર પ્રતીક્ષાકરવાની હોય છે. તન-મનની તંદુરસ્તી જાળવવી વ્યક્તિના હાથમાં હોય છે. વૃક્ષોથી ઘેરાયેલી આ નગરીની શાંત ને સલૂણી સવાર ભારે ગમતીલી લાગે છે.હા,ફૂટપાથના પશ્નો ક્યાંક પજવે છે. ખોદકામ લગભગ ચાલતું હોય છેને જ્યાં તંદુરસ્ત ફૂટપાથ છે ત્યાં કોઈ બાઈક સવાર,મસ્તીમાં મહાલતા મોર્નિંગ વોકરને અડફેટે લઈ જવાના અનેક બનાવો બને છે. સ્વસ્થ નીકળેલો માણસ ખરેખર અસ્વ સ્થ થઈ જાય છે. કવળા કે અવળા રસ્તે ચાલવાવાળા ને રોકનાર કે ટોકનાર ક્યાંય હોયતો ચાલો,સાથે મળી ને શોધીએ ! કારણ કે વૃક્ષનું આ નગર, જોયા કરે છે ટગર ટગર...

આપણે યુવાન જેવા દેખાઈએ છીએ એવું કોઈ કહે ત્યારે આપણા બત્રીસ કોઠે દીવડાં પ્રગટે અને મનમાં અજવાળું પથરાઈ.મરક મરક હસીને પછી,એવું લાગેતો ખિસ્સામાંથી કાંસકો કાઢી વાળ પણ ઓળી લેતા હોઈએ છીએ. બટ નેચરલ... આવું થતું હોયતો જરાય ખોટું નથી. કારણ કે મોતનું તેડું ન આવે ત્યાં સુધી જીવી લેવાનું હોય છે.બાકીતો એક ચિંતકે કહ્યું છે, ઘણાં લોકો ક્યારનાય મરી ચુક્યા હોય છે માત્ર નનામી વરસો પછી નીકળતી હોય છે! સ્વામી વિવેકાનંદના કહ્યા મુજબ,બળ એ જીવન છે અને નિર્બળતાએ મૃત્યુ છે. બાળપણથી જ બળવાન અને ઉપયોગી થવાના વિચારો તમારા મગજમાં ધારણ કરો.

તન અને મન એકબીજા સાથે પ્રગાઢ સંબંધ ધરાવે છે. તનની મજબુતી મનને મક્કમતા બક્ષવામાં ભારે ઉદાર હોય છે.તનને તંદુરસ્ત અને મનને કહ્યાગરું રાખવું તે વ્યક્તિના હાથમાં હોય છે.માટે સ્વામીજી કહે છે તેમ,ઊભા થાઓ,હિંમત ધરો,મજબુત બનો.તમારા પર પૂરેપૂરી જવાબદારી લો.તમારા ભાગ્યના સર્જક તમે જ છો.તમને જરૂર હોય એવી બધી શક્તિ,બધી જ સહાય તમારી અંદર છે, તેથી તમારું ભવિષ્ય તમે જ સર્જો. ખરું કહો તો, મહાપુરુષોની આવી મોંઘી શીખ સસ્તામાં ને રસ્તામાં મળતી હોય છે !

કોરોના કેટલાંયને કાળનો કોળિયો કરી ગયો.પણ તનની તંદુરસ્તી અને દૃઢ મનોબળ ધરાવતી વ્યક્તિ મહામારીને મ્હાત કરી મોતના મુખમાંથી પાછી આવી છે. સૃષ્ટિનો સર્જનકર્તા જ્યાં સુધી જીવાડે અથવાતો જીવનરૂપી સેલફોનમાં ચોવીસ કલાકનું કૂપન રીચાર્જ કરતો રહે ત્યાં સુધી જે જીવન મળે તે યુવાનને શરમાવે એવું તંદુરસ્ત મળે તો ખોટું શું છે !? પણ શરત એટલી જ છે કે,આવી શિયાળાની સવારને વ્હાલ કરવા સાથે કાયમ વહેતા રહેવું !

**છેલ્લે :**

end અને and બંને સરખી રીતે બોલાય છે પણ એકમાં પૂરું કરવાની વાત છે જયારે બીજામાં જોડવાની કળા સમાયેલી છે.

http://raghavjimadhad.blogspot.com

# અન્યથા... કોરોના તમારા ઘરના દ્વારે આવીને ઊભો તો છે જ



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા દેશમાં કોઈપણ સામુહિક ઘટના કે દૂર્ઘટનાનો દોષ સરકારને માથે નાખવાની પરંપરા છે. અને એમાંય જ્યારે પ્રાકૃતિક આપદા આવે ત્યારે પણ આપણે સરકારને દોષી માનીએ છીએ. ભૂકંપ આવે કે હોનારત આવે કે દુષ્કાળ પડે એમાં કોઈપણ સરકાર શું કરે ? હા, એવી ઘટના કે દૂર્ઘટના ઘટી ગયા પછી સરકારની ભૂમિકા ચોક્કસ હોય છે.. અત્યારે છેલ્લા આઠ નવ મહિનાથી સમગ્ર વિશ્વમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. દેશ અને દુનિયામાં અત્યારે જીવતી પેઢી માટે આ વાયરસ અને તેના કારણે થયેલું વિશ્વભરમાં લોકડાઉન નવો અનુભવ હતું. અને આ નવી આફત માટે આખું વિશ્વ ઝઝૂમ્યું અને હજીયે ઝઝૂમે છે. કોરોના ભારતમાં વિશેષ ખરાબ સ્થિતિમાં જઈ રહ્યો છે. ચાર પાંચ લોકડાઉન પછી સરકારે આપવી પડેલી છૂટછાટ અને તહેવારોને ધ્યાનમાં રાખીને કરેલા અનલોકથી આપણે સૌ ફરીથી બધુ ભૂલીને મૂળ પરિસ્થિતિમાં જઈ રહ્યા છીએ. દેશના મોટાભાગના લોકોને લાગે છે કે હવે કોરોના જતો રહ્યો છે. તો વળી ઘણા સોશિયલ મીડિયાના જ્ઞાની મહાત્માઓ માને છે કે કોરોના જેવું કંઈ છે જ નહીં. કેટલાક સામાજિક બની બેઠેલા નેતાઓ, સુધારાવાદીઓ માને છે કે કોરોના એ સરકારની જવાબદારી છે. તો વળી કેટલાક અભણ શિક્ષણશાસ્ત્રીઓ અને વાલીઓ માને છે કે પોતાના બાળકોને સ્કૂલે મોકલતા કોરોના થાય તો જવાબદારી સરકારની હોવી જોઈએ. આવા અનેક કારણો બીજા પણ ગણાવી શકાય એવા છે કે જેમાં આપણે સૌએ બહાર પાણી પુરી ખાવી છે, હૉટેલોમાં જમવા જવું છે. બહાર ફરવા જવું છે. રોજેરોજ કામ ના હોવા છતાંય મિત્રો સાથે ગામગપાટા મારવા છે, ગામેગામ શાકમારકીટોમાં, બજારોમાં ભીડ એકઠી કરવી છે. સોશિયલ ડિસ્ટન્સ જરાય રાખવું નથી. માસ્ક પહેરવા નથી. બધાજ તહેવારો ઉજવવા છે. ગુજરાતી છીએ તો નવરાત્રીમાં ગરબા તો ગાવા જ જોઈએ. પાર્ટી પ્લોટમાં નહીં તો શેરીમાં, સોસાયટીમાં ગરબા તો ગવાવા જ જોઈએ. દિવાળી આવી છે. ફટાકડા ફોડવા જ જોઈએ. લક્ષ્મીપૂજન, નિવેદ, બેસતું વર્ષ, ભાઈબીજ, છઠપુજન... આ બધી ધાર્મિક પુજાઓ, પરંપરાઓ મનાવવી જ જોઈએ. કોરોના આવે કે કર્ફ્યુ, સમાજ રોકે કે સરકાર... આવું બધું તો કરવાનું અને જો કોરોના થાય તો જવાબદારી સરકારની. આ માનસિકતા છે આપણી પ્રજાની. કોરોનાને તૂત માનનારા, હલકેથી લેનારા, નાનો એવો વાયરસ માનનારા અનેક વિદ્વાનો, શૂરવીરો શહીદ થઈ ગયાના ઉદાહરણો છે. છતાંય આપણે સુધરતા નથી. જ્યા સુધી આપણા ઘરમાં કોરોના નથી પ્રવેશ્યો ત્યાં સુધી આપણને બધુ જ હલકું લાગશે, તૂત લાગશે. અને આપણે બધી જ છૂટછાટ લેવા સરકાર સામે બાયો ચડાવીશું. પણ જ્યારે કોરોના થશે ત્યારે ખબર પડશે કે સરકાર સામે લડવા કરતા સમજીને માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ રાખ્યું હોત કે દિવાળી ના ઉજવી હોત કે બહાર ફરવા ના ગયા હોત કે ઈશ્વરે આપેલી સ્વાદેન્દ્રીય કાબૂમાં રાખી હોત તો આજે હૉમ કોરોન્ટાઈન થઈને ઘરના એક રૂમમાં ૧૪ દિવસ સુધી ના રહેવું પડેત. કે હોસ્પિટલમાં દાખલ થઈ લાખો રૂપિયાના બીલ ના ભરવા પડેત અથવા જીવ ના ગૂમાવવો પડેત. પણ આપણે તો સૌ વીર ભારતીય....અને એમાંય પાછા ગુજરાતી. ૫૬ની છાતી વાળા, કોરોનાની ઐસી તૈસી કરીને બધુ જ કરવાનું. જીવતાહ્લતા એમ જ જીવવાનું. રોજ જુદા જુદા શાકભાજી જોઈએ એટલે જોઈએ જ. પછી ભલે ને શાકમારકીટમાં ગમે તેટલી ભીડ થાય. પણ જવાનું એટલે જવાનું. શાકભાજી વિના થોડું જીવાય ? કામધંધો થોડો મૂકી દેવાય ? અને વળી આજુબાજુવાળા બધા જ બહાર જાય છે, હરેફરે છે. જો એમને કાંઈ નથી થયું તો આપણને પણ કંઈ નહી થાય. એમાં ડરવાનું ક્યાં સુધી ? અને હવે એકાદ બે મહિનામાં કોરોનાની વેકસિન આવી તો રહી છે. લઈ લેશું બે ચાર ઈન્જેક્શન. — આવી કંઈક માનસિકતા લઈને આપણો હિંદુસ્તાની — ગુજરાતી સમાજ જીવી રહ્યો છે. અને કોરોનાને પોતાના ઘર સુધી આવવાનું નિમંત્રણ આપી રહ્યો છે.

મૉલ અને સુપર બજારો ખૂલી ગયા છે, સિનેમા હૉલ અને મંદિરો પણ ખૂલી રહ્યા છે, મૉલ અને સુપર બજારો ખૂલી ગયા છે, સિનેમા હૉલ અને મંદિરો પણ ખૂલી રહ્યા છે. અને આ બધાની સાથે સાથે કોરોના પણ ખૂલી રહ્યો છે. વિસ્તરી રહ્યો છે. હવે બે ચાર મહિના સ્કૂલ, કૉલેજો નહીં ખોલવાથી સરકારને કે વિદ્યાર્થિઓને શું મોટું નૂકશાન જવાનું છે ? કશું જ નથી થવાનું. જો હજીયે સ્કૂલ કૉલેજો, મૉલ — સુપર બજારો કે સિનેમા કે ધાર્મિક સ્થાનો હજી માર્ચ એપ્રિલ સુધી બંધ નહીં રાખવામાં આવે તો આવનારા બે ચાર મહિનામાં કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરશે જ. અને શક્ય છે કે દરેક ઘરમાં એક વ્યક્તિ કોરોનાગ્રસ્ત હશે. મને એ જ નથી સમજાતું કે ભારતમાં એવું કયું શિક્ષણ અપાય છે કે જે થોડા મહિના નહીં લેવાથી વિદ્યાર્થિઓની કારકીર્દિ ખતમ થઈ જવાની છે. અથવા હજીયે ચાર છ મહિના ધાર્મિક સ્થળો, મંદિર મસ્જિદો બંધ રહેવાથી લોકોની ધાર્મિક ભાવના ખતમ થઈ જવાની છે. શું ઈશ્વર કે અલ્લાહ ઘરમાં નથી ? પ્રત્યેક વ્યક્તિના હદયમાં નથી ? ઘરમાં કે વગડામાં પણ ક્યાંક સાચા મનથી આંખ બંધ કરીને બેસીએ તો ઈશ્વર કે અલ્લાહની અનુભૂતિ થવાની જ છે. તો આવા કોરોનાકાળમાં મંદિર મસ્જિદ શા માટે જવુંપડે ? આપણે ભલે મોજથી દિવાળીએ ઘરના બારણે દીપ પ્રગટાવ્યા હોય પણ દેશના અનેક ઘરોમાં અને જીવનમાં આ કોરોનાએ અંધકાર ફેલાવી દીધો છે. અનેકના જીવનદીપ બૂઝાવી દીધા છે. અને આપણે ફટાકડા ફોડીએ છીએ. આ આપણી સંવેદનશીલતા છે કે સંવેદનહીનતા છે ? એ જ નથી સમજાતુ. જ્યારે જીવન મરણનો સવાલ હોય ત્યારે પણ આપણે ના સુધરીએ તો પછી કોરોના આપણા ઘરમાં આવવાનો જ છે. જીવ જોખમમાં પડવાનો જ છે. એમાંથી દુનિયાની કોઈ સરકાર બચાવી શકશે નહીં.

આજે ગુજરાતની અને એમાંય અમદાવાદની સ્થિતિ ફરીથી બગડતી જાય છે. જો કે પહેલેથી જ બગડેલી છે. બહાર આવતા આંકડાઓ ઉપર જ કન્ટ્રોલ કરવામાં આવ્યો છે કોરોના ઉપર નહીં. સરકાર તો ઈચ્છે છે જ કે સમાજમાંથી કોરોનાનો ભય ઓછો થાય. અને તેથી તેઓ સાચા આંકડાઓ ના પણ આપે. તેથી આપણે માની બેઠા છીએ કે કોરોના જતો રહ્યો છે. ફેબ્રુઆરીથી શરું થયેલા કોરોનાથી કદાચ શક્ય છે કે તમે બચતા રહ્યા હશો. એ માટે ઈશ્વરનો આભાર માનવો રહ્યો પણ હવે જો સહેજેય ભૂલ કરી તો ઈશ્વર પણ તમને બચાવી નહીં શકે. કેમ કે પહેલા તો કોરોના તમારા શહેર, કે સોસાયટીથી દૂર હતો પરંતુ હવે તમે ખૂદ નજર દોડાવશો તો કોરોના હવે તમારા ઘરની આસપાસ જ આવી ગયો છે. એને તમારા ઘર સુધી પહોંચતા સહેજેય વાર નહીં લાગે. બસ તમારી એકમાત્ર ભૂલ કે બેદરકારી અને તમે કોરોનાગ્રસ્ત.

મિત્રો, જેમને એક વખત કોરોના થઈને મટી ગયો છે એમને એકાદ વખત મળી જૂઓ તો સમજાશે કે એ ચૌદ દિવસ પણ કેવી રીતે ગૂજરે છે ? જીવતે જીવ ગૂજરી જવાનું મન થાય એટલી બધી સારવાર લેવી પડે છે. ત્યારે જીવતા રહીએ છીએ. આવું બધું કરવું એના કરતા હજીયે થોડું ધ્યાન રાખીને કોરોનાનો ડર રાખીને જીવશું તો કંઈ નહીં થાય. નહિતર આજે નહીં તો આવતીકાલે આપણો ય વારો આવવાનો જ છે. જો કોરોના તમારા ઘરની આસપાસ આવી ગયો છે તો જલદીથી ચેતી જજો. ધારો કે દસમી બેદરકારીએ કોરોના આવે છે તો તમારા પડોશીને આવ્યો છે તો એમણે દસ ભૂલો કરી લીધી છે અને તમારી પણ સાતમી આઠમી ભૂલ ચાલતી હશે. અને હવે બસ માત્ર બે ત્રણ તમારી ભૂલોની રાહ જોવાય છે. એટલે તો કોરોના તમારા સુધી આવ્યો સમજજો. ખૂબ જ મહત્વનું કામ હોય, જેના વિના ચાલી જ ના શકે એવું હોય તો ઘરની બહાર નીકળો. બાળકોને પણ સ્કૂલ કૉલેજ હજી મોકલવાની જરૂરિયાત જણાતી નથી. કેમ કે કોરોનાનું સંક્રમણ વિસ્ફોટક સ્થિતિએ છે. હવે આપણને કે આપણા સંતાનોને કોરોનાથી બચાવવાની જવાબદારી સરકારની નહીં આપણી જ છે. જો હજીયે આપણે નહીં સુધરીએ તો નજીકના ભવિષ્યમાં ફરીથી ભારતમાં લોકડાઉન આવી રહ્યા છે. ફરીથી સંપૂર્ણ કેદ થઈ જાવું એના કરતા સાવચેતીથી રહીશું, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્ટનું પૂર્ણરૂપે ધ્યાન રાખીશું તો બે ચાર મહિનામાં કોરોનાથી મૂક્ત થઈ જવાશે. અન્યથા કોરોના તમારા ઘરના દ્વારે આવીને ઊભો તો છે જ.

# નવું - નૂતન : રોમાંચ, આશાઓ, સંકલ્પો, નવીનતા!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

વિક્રમ સંવંત ૨૦૭૭ નું નવું વર્ષ શરૂ થઈ ચૂક્યું છે. દિવાળીના પર્વને આનંદ અને ઉમંગથી ઉજવ્યા પછીથી લોકોએ એકબીજાને નુતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ પાઠવીને નવા વર્ષના આગમનની આલબેલ પોકારી દીધી છે. અંગ્રેજીમાં 'હેપ્પી ન્યુયર' અને ગુજરાતીમાં 'નુતન વર્ષાભિનંદન'ના વોટ્સઅપ અને ફેસબુક પર અને ફોન - મેસેજીસના મારા વચ્ચે ૨૦૭૬ જૂનું થઈ ચૂક્યું છે અને નુતન - નવું - એવું ૨૦૭૭ આવી ચૂક્યું છે. નુતન કે નવું આવો શબ્દ કાને પડતાં જ આપણને એક પ્રકારનો રોમાંચ થાય છે. નવા નો રોમાંચ તો થવો જ જોઈએ ને? એનું કારણ છે નવા માં શું હશે? કે શું થઈ શકશે? એ વિચારવાનો - એના વિષે પ્લાનિંગ કરવાનો કે પછી નવા માં શું આવશે? શું થશે? કેવું હશે નવું વર્ષ? એ જાણવાનો કે પછી એના ઈંતેઝારનો રોમાંચ. એમાયે આ કોરોનાકાળમાં કે જ્યારે માનવજાત એક ગંભીર પ્રકારની પરિશ્થિતીનો સામનો કરવાની અને આ મહામુસીબતવાળા સમયમાથી પાર નીકળી જવાની જદ્દો-જહેમત કરી રહી છે ત્યારે આશાનું એક જ કિરણ રહેવાનુ અને એ કે આવનાર નવા વર્ષમાં આ મુશ્કેલીનો હલ મળે અને હું ને તમે ફરીથી એ જ આનંદિત જિંદગી જીવી શકીએ અને એટલા માટે જ નુતન વર્ષ પાસે સ્વાભાવિકપણે મસમોટી અપેક્ષાઓ-આશાઓ છે જ.

ખેર નવા વર્ષના આવનારા સમયમાં શું હશે એ તો અત્યારે ક્યાં ખબર પાડવાની પણ છતાયે નવા નો રોમાંચ તો હોય જ ને? દરેક નવી વસ્તુ...દરેક નવા દિવસ...દરેક નવી વ્યક્તિ...દરેક નવી પરિસ્થિતી...દરેક નવા સમય નો એક રોમાંચ હોય જ અને રહેવાનો પણ. દરેક નવા ને આવકારવાનો એક થનગનાટ હતો...છે અને રહેશે. યાદ કરો એ નવી સાઈકલ...યાદ કરો સ્કૂલ કે કોલેજનો એ પહેલો દિવસ...યાદ કરો દિવાળીએ કબાટમાંથી નીકળતા એ નવા કપડાં...યાદ કરો હાથમાં આવેલો એ પહેલો પગાર કે પછી નવી નોકરીનો પહેલો દિવસ...! એ પછી તો સાઈકલ બહુ દિવસો ફેરવી હશે પણ નવી સાયકલના શરૂઆતના દિવસોનો આનંદ જ કોઈ ઓર હોય છે. ડીટ્ટો એવું જ કોલેજ ના કે નોકરીના બીજા દિવસો માટે પણ કહી શકાય. એવું જ કાઈક કપડાં જૂના થયા પછીનું રહેવાનુ. મજા નવા ની છે. નુતન ની છે. શરૂઆતની છે. નવાની મજા છે. લાભપાંચમ સુધી ચાલે તેમ છ્તાં પણ નવા વર્ષની શુભકામના આપવાની મજા નવા વર્ષે આવે એવી ત્યારે ના આવે. નવા નો એક અલગ જ રોમાંચ હોય છે, એક અલગ જ નશો હોય છે. સાઈકલ હોય કે મોબાઈલ.... કપડાં હોય કે કાર એની મજા એ જ્યારે નવું હોય ત્યારે આવે એવી મજા એ જૂનું થાય પછી ના આવે અથવા તો ઓછી આવે.

'નયા નૌ દિન, પુરાના સો દિન' એ બધી વાત સાચી પણ એ તો પુરાના થાય ત્યારની વાત છે, ત્યાં સુધી તો નવા ની જે મજા છે, એનો જે નશો છે એ કાફી છે એ અનુભવવા માટે કે આ નવું છે. અને નવા ને સીધો સંબંધ છે નવી આશાઓ, નવા સ્વપ્નાઓ અને નવી શક્તિઓ સાથે, જી હા, નવું કે નુતનનો એક અર્થ એ પણ થાય છે કે કોઈક નવી ઉર્જા કે કોઈ નવો જ ઉત્સાહ આ નવી ઘટના - વ્યક્તિ-સંજોગ કે વસ્તુ સાથે જોડાયેલી છે. લાખ મુસીબતો હોવા છતાં પણ કશુક નવું બની રહ્યું હોય ત્યારે એ મુસીબતોને ભૂલી જવાની ઉર્જા પણ એ નવું કે નુતનમાંથી જ મળી રહે છે. નુતન વર્ષનો જ દાખલો લ્યો ને. જૂનું બોલે તો તો પસાર થઈ ગયેલા વર્ષમાં કરેલી ભૂલોમાથી લેવાનો બોધપાઠ કે મળેલા આનંદને વાગોળવાનો એક મહામુલો અવસર નવા વર્ષમાં મળવાનો છે. નવા નો અર્થ જ એ કે કોરી પાટી છે અને એમાં હવે શું લખવું એ નક્કી કરવાનું આપણાં હાથમાં છે. નો ડાઉટ સમયથી મોટું કોઈ લેખક નથી જ છતાં પણ નવું કે નુતનમાં તમે સંકલ્પ તો લઈ શકો ને? નક્કી તો કરી શકો ને કે આ નુતન કે નવા માં આ કરીશું અને આ નહી. નવા માં નવી શક્યતાઓ છે..નવા માં નવી આશાઓ છે...નવમા નવા સંકલ્પો છે અને નવામાં નવી ઉમ્મીદો છે.

આમ જોવા જાવ તો નવું ક્યાં સદાયે નવું રહેવાનુ છે, એ ક્યારેક ને ક્યારેક તો જૂનું થવાનું જ છે અને એ જેમ જેમ જૂનું થતું જવાનું એમ એમ નવાની શરૂઆતમાં જોયેલા સ્વપ્નો...સેવેલી આશાઓ અને લીધેલા સંકલ્પો કેટલા અને કેવા પૂરા થયા છે કે થઈ રહ્યા છે એનું માપ મળતું જવાનું પણ એ જ્યારે નવા હતા ત્યારે જે રોમાંચ હતો એ અલગ જ રહેવાનો. હા જૂનું થયું હોય એનો ગમ તો રહેવાનો, એના જવાનું દુખ પણ રહેવાનુ પણ જગતનો નિયમ છે એમ નવા ને આવકાર અને જૂનાનો આભાર એ બંને સમાંતર વાત છે.

'નૂતન' એટલે નવું એ તો આપણને બધાને ખબર છે. પણ નુતન જેવો જ અર્થ ધરાવતો બીજો શબ્દ છે: 'નૂતર' કે 'નોતર'. મૂળ સંસ્કૃત શબ્દ 'નવતર' પરથી આ 'નૂતર' કે 'નોતર' શબ્દ બન્યો છે. નવું અથવા નુતન એટ્લે કશુક નવું બની રહ્યું છે — સર્જાઈ રહ્યું છે. એમ માનો કે નવું એ નવસર્જનની એક એવી પ્રક્રિયા છે જેમાં જૂનાને સાથે રાખીને તમે નવા માં પ્રવેશ કરવાનો રોમાંચ અને ઉત્સુકતા અનુભવી શકો છો. નુતન કે નવું એક નવીનતા છે, એક બદલાવ છે કે જે વીતી ગયેલા કે જૂનાથી અલગ છે અને કદાચ એટ્લે જ એ નવીન છે — નુતન છે. આપણે આ નવીનતાનું સ્વાગત પણ નવીનતાથી જ કરીએ છીએ ને? પછી ચાહે એ નવા કપડાં હોય, નવા વિચારો હોય, નવી આશાઓ હોય. ઈવન આપણે ત્યાં તો નવા વર્ષે જૂના હિસાબ કિતાબોને શૂન્ય કરીને ચોપડા પણ નવા જ શરૂ કરાય છે ને? સજાવટ પણ નવી જ કરાય છે ને? રંગોળી પણ દર વર્ષે નવી જ કરીએ છીએ ને? આ જ તો મજા છે નવા ની - નુતનની કે જેમાં કશુક નવીન છે, જેમાં નવીનતા છે એ બધુ જ નવું છે - નુતન છે. યે ભાગદોડવાળી જિંદગીમાં આપણે એ પણ જાણતા હોઈએ છીએ કે નવા સમયમાં કે નુતન વર્ષમાં કદાચ એ જ ભાગદોડ - એ જ રોજીંદી ઘટમાળ કે એ જ રોજીંદુ જીવન જીવવાનું છે એમ છતાં પણ એટલિસ્ટ થોડા તો થોડા સમય માટે પણ નવામાં એન્ટર થતી વખતે આ બધી રૂટિન વાતોને ભૂલી જવાની પણ મજા છે. ખબર હોય કે કશું બદલાવાનું નથી છતાં પણ નવું કે નુતન ના વધામણાં નવી આશાઓ અને નવા ઉમંગોથી કરવી જ રહી. એમાં પણ આ વખતે કોરોનાના મુશકેલીભર્યા સમયમાં તો શરૂ થઈ ચૂકેલા નુતન વર્ષ પાસેથી તો ઘણીબધી આશાઓ છે.

નવું કે નુતન એ આગળ લખ્યું એમ એક એવી કોરી પાટી છે - એક એવી કોરી કિતાબ છે કે જેના પાનાઓમાં ઓલરેડી કશુક લખાયેલું છે પણ એ વાંચી શકાય એમ નથી એટ્લે બહેતર એ છે કે એ કોરી કિતાબમાં નવાનું સ્વાગત નવીનતા - બદલાવ - આશાઓ - સંકલ્પોથી કરીએ. ઈવન ગયા વર્ષે પણ એમાં તમે લખેલું, એમાથી ઘણું યાદ રાખવા જેવુ હશે, ઘણું ભૂલવા જેવુ. નુતનને આવકારવાનો બેસ્ટ રસ્તો એ જ છે કે ભૂલવા જેવુ ભૂલી જઈએ અને યાદ રાખવા જેવાને આ કોરી કિતાબમાં ફરીથી ટપકાવીએ અને તો જ નવા ની - નુતનની ની મજા આવશે. નવા સાથે જૂનું હોય જ છે પણ એ જૂનું કશુક શીખવા માટે - કશુક વાગોળવા માટે રાખીને નવમા નવા કદમ રાખવા પડે અને તો જ નવાનો રોમાંચ અને નવિનતાનો સાચો આનંદ મેળવી શકીએ. નવી આશાઓ - નવા સંકલ્પો - નવા સિધ્ધાંતો - નવા બદલાવો - નવા વિચારો આ આ બધુ મળીને જ તો સાચું નુતન વર્ષ બનવાનું ને અને તો જ એટલિસ્ટ નવા માં પગલાં માંડતા કઈક નવીનતાનો અહેસાસ થવાનો...!